આણંદ મંગળ ઓછવ.

:0:

શ્રી સંત મહારાજજીની મેહેરબાનીથી
રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

દવે. બાલાભાઇ ભગવાનજી
અમદાવાદના.

આવૃત્તિ ૧ લી, પ્રત પાંચસેં.

અમદાવાદ.

રાયપુર આકાશેઠના કુવાની પોળ સામે
ઇન્ડિયન આઇડ છાપખાનામાં
ભોગીલાલ ભુલાખીદાસ મારતરે
છાપી.

સંવત ૧૯૪૮. સન ૧૮૯૨.

મફત.

૨૦૮૭

આણુંદ મંગળ ઓચ્છવ.

——:o:——

શ્રી રામચંદ્રાયનમઃ

(ભમરા પહેલો વધાવો મારે આવીયો.) એ રાગ.

મનવા આજ આણુંદ મારા અંગમાં,
થાયે આણુંદ ઓછવ અપારરે.
પધાર્યા હરીસંત ગુરૂ શ્રી રામદ્વારામાં. ૧
મનવા રામચંદ્રજી કેરા સંગમાં,
થાયે કથાને કીરતન દરબારરે. પધાર્યા. ૨
મનવા રામચંદ્ર ગાદીયે પધારીયા,
તેની શોભા તે કળી ન શકાયરે. પધાર્યા. ૩
મનવા અંતડાં તે સરવેનાં ઠારીયાં,
મુખે તારક મંત્ર જપાયરે. પધાર્યા. ૪
મનવા પારસમણીના પ્રતાપથી,
રહીયે જ્યોત એકાગ્ર કરી આજરે. પધાર્યા. ૫
મનવા હરખ ધરીને પારે આવીયે,
કરીયે કાયા તે નીરમળ નીરરે પધાર્યા. ૬
...માયામણી,

જાણુ ઉગ્યો છે કોટીક ભાણુરે. પધાર્યા. ૮
મનવા રાજનગર તો દીપાવીયું,
થયું દેશ વિદેશે જાણુરે. પધાર્યા. ૯
મનવા હરખી નીરખીને બાલો ગાય છે,
હમને દેશો આશીશ રઘુનાથરે. પધાર્યા. ૧૦

(ગુલાબવાડી ચોટા વચ્ચે રોપીરે) એ રાગ.

ગુરૂ મહારાજ પધાર્યા રામજી દ્વારેરે,
આણુંદ મંગળ કરવા માંડયો પારેરે. ૧
આવ્યા સંત મળીને દ્વારામાંયેરે,
માણીમંડપમાં રામ તણા ગુણ ગાયેરે. ૨
રામ રામ મુખ વાણી વદે નરનારીરે,
દુર્બળ કાયા કરણી આજ સંવારીરે. ૩
પુરણ બ્રહ્મ છે રામચંદ્ર અવીકારીરે,
જુગ જનેતા સીતા માત હમારીરે. ૪
આ જુગ જોડું હૃદય કમળમાં રાખોરે.
પરીબ્રહ્મ પરમાત્માને સહુ ભાખોરે. ૫
પુરણ પદને જઇ પ્રદક્ષણા કરીયેરે,
ચરણામ્રત લઇ ધ્યાન હરીનું ધરીયેરે. ૬
આણુંદ ઓચ્છવ આરતી થાયે આજેરે,
શબ્દ રામના ગંભીર સુણથી ગાજેરે. ૭

રાજનગરમાં આણંદ અતીશો થાયરે.
પારસરામ પ્રતાપે રસના ગાયરે. ૮
આણંદ વરત્યો દેશ વિદેશે જાણોરે,
બાલાજીની વાણી મન સૌ આણોરે. ૯
દાસનો દાસ એ આશ ધરીને ગાયરે,
ચરણે નમવા પારસરામને જાયરે ૦

(જનરખરાયનેરે માંડવે) એ રાગ.

હરી રામ દ્વારામાં આવીયે,
ધરીયે હરીહરનું ધ્યાન;
પુરણ પદવીયો પામીયે,
કરીયે ગુરૂ સનમાન. હરીરામ. ૧
સુખ દુખ મનમાં નવ લાવીયે,
જપીયે તારક મંત્ર;
રામજી મુખમાં ચડાવીયે,
રસનાએ એક તંત્ર. હરીરામ. ૨
જઇ નમીયે ગ્રંથ મહારાજને,
થાયે દેહનું કલ્યાણ,
ગુરૂ સંતનાને મન ભાવીયે,
થાયે પવિત્ર પ્રાણ. હરીરામ. ૩
ચરણામૃત લઇયે ચરણે નમી,

આસન દ્રઢ કરી સૌ ત્યાંય;
વાણી ગુરૂની સહુને ગમી,
રામરસ અમ્રત પાય. હરીરામ. ૪
રામ સમરણ કરીયે સહુ,
પારસરામ પ્રતાપ;
આણંદ ઓછવ થાયે બહુ,
ટળીયા સરવે સંતાપ. હરીરામ. ૫
સંત સમાગમ સાહુએ કરો,
સરવે આળ પંપાળ;
અધના ઓધ દેહના હરો,
નરનારી વૃદ્ધ બાળ. હરીરામ. ૬
અલ્પ આયુષ્ય છે રે આજનું,
સમે છે પ્રુઠળ કાળ;
સગપણ રાખોરે શ્રી રામનું,
રાખે સાહુની સંભાળ. હરીરામ. ૭
આણંદ હેલોરે આજની,
રંગભેર રંગ બહુ થાય,
બાલાજી કહે ગુરૂ મહારાજની,
વાણી સેવક સહુ ગાય. હરીરામ. ૮

(ગોસાંઇજી ગોકુળમાં પધારીયા સાહેલીરે.) એ રાગ.

ગુરૂ હરી સંત પધારીયા, રામ દવારેરે.
ઓછવ કરવા આજ, ગુરૂ હરી સંત. ૧
અરૂણ ઉદે થયો આજથી, રામ દવારેરે;
ટળીયાં પાપ અપાર. ગુરૂ હરી સંત. ૨
અમ્રત વરસ્યું માહારાજથી, રામ દવારેરે;
રામ રટણ આધાર. ગુરૂ હરી સંત. ૩
મંડપ શોભા શી કહું રામદવારેરે;
બિરાજે સંત મહારાજ. ગુરૂ હરી સંત. ૪
સંત સભા મળી છે સહુ રામ દવારેરે;
ઓછવ કીરતન કાજ. ગુરૂ હરી સંત. ૫
મહાંત સંત અતી આવીયા, રામ દવારેરે;
કોટી ઉગ્યો ભાણુ. ગુરૂ હરી સંત. ૬
ધન ધન દીન છે આજનો, રામ દવારેરે;
થઇ છે જુગમાં જાણુ. ગુરૂ હરી સંત. ૭
રામ રામ મુખથી વદે, રામ દવારેરે;
અતર વાણી રસાળ. ગુરૂ હરી સંત. ૮
ગ્રંથ મહારાજ પુરાણુ પદે, રામ દવારેરે;
નમીએ સહુ આ કાળ. ગુરૂ હરી સંત. ૯
જાનકી નાથ અંતર ગ્રહી રામ દવારેરે;
થયો છે ઉર ઉલાસ. ગુરૂ હરી સંત. ૧૦

કામ ક્રોધ મનથી તજી, રામદ્વારેરે;
થઇએ પ્રભુના દાસ, ગુરૂ હરી સંત. ૧૧
નરનારી વૃદ્ધ બાળ છે, રામદ્વારેરે;
ચીત્ત ધરો એકાગ્ર, ગુરૂ હરી સંત. ૧૨
આ અવનો કળી કાળમાં, રામદ્વારેરે;
ભજીઓ સીતારામ, ગુરૂ હરી સંત. ૧૩
સાંજ સમે સમરો હરી, રામદ્વારેરે;
આપે કુશળ કલ્યાણ, ગુરૂ હરી સંત. ૧૪
જઇએ સપ્ત સાગર તરી, રામ દ્વારેરે;
સેહેજે ગંગાનું સ્નાન, ગુરૂ હરી સંત. ૧૫
કરીયે સંત સમાગમો, રામદ્વારેરે;
પારસરામ પ્રતાપ, ગુરૂ હરી સંત. ૧૬
અંત સમે નાવે જમ, રામ દ્વારેરે;
સ્વર્ગ તે સંચરે આપ, ગુરૂ હરી સંત. ૧૭
જાનકી નાથ જન જે જપે, રામ દ્વારેરે;
જેનાં પુરણ ભાગ્ય, ગુરૂ હરી સંત. ૧૮
ટાળે હરીહર આપદા, રામ દ્વારેરે;
જનમ ધરે આ જાગ્ય. ગુરૂ હરી સંત. ૧૯
આણંદ મંગળ સહુ કરે, રામ દ્વારેરે;
સરવે સેવક આપ, ગુરૂ હરી સંત. ૨૦
સંવત ઓગણી અડતાળીમાં રામ દ્વારેરે;
રૂડો અશાડ માસ, ગુરૂ હરી સંત. ૨૧

એકાદશી બુધવારમાં, રામ દ્વારેરે;
થાયે પ્રેમ ધરી ઉલ્લાસ. ગુરૂ હરી સંત. ૨૨
મેહેર કરો રઘુનાથજી, રામ દ્વારેરે;
હું શિવ શક્તિનો દાસ. ગુરૂ હરી સંત. ૨૩
હરી ઇચ્છાથી ગાઉં છું, રામ દ્વારેરે;
જોડા જોડુ પાણુ, ગુરૂ હરી સંત. ૨૪
અલ્પ મતી ઝીણી ખરી, રામ દ્વારેરે;
રાખો મુજ એંધાણુ, ગુરૂ હરી સંત. ૨૫
વાગે નગારાં ઘોરાથી, રામ દ્વારેરે;
તાલ મૃદંગ પખાજ, ગુરૂ હરી સંત. ૨૬
વાજાં વાગે અવનવાં રામ દ્વારેરે;
પોચ્યે ગગન અવાજ, ગુરૂ હરી સંત. ૨૭
ટોળે મળ્યા સહુએ જનો, રામ દ્વારેરે;
થઇ છે રંગનો રેલ, ગુરૂ હરી સંત ૨૮
રંગ ઉડે કેસર તણા, રામ દ્વારેરે;
ગુલાલ અરગચ્ચા ભેગ. ગુરૂ હરી સંત ૨૯
આ ઓછવ જન ગાય જે, રામ દ્વારેરે;
તેના પુરણ ભાગ્ય. ગુરૂ હરી સંત ૩૦
જનમ જંજાળ તે ભાગીયે, રામ દ્વારેરે;
અંતે વૈકુંઠ જાય. ગુરૂ હરી સંત ૩૧
બાલાજી વદે આવીને, રામ દ્વારેરે;
ધરજો પ્રેમે શીર હાથ, ગુરૂ હરી સંત ૩૨

કંકોતરીનો રાગ.

[વીરા વેલા આવજો] એ રાગ.

ગુરૂ સંત મહારાજ પધારીયા,
મળી મહાંત પુરૂષો સાથ; ગુરૂજી પધારીયા. ૧
ભાનુ કીરણ રામ દવારામાં,
ગ્રંથ મહારાજ પારસ હાથ. ગુરૂજી પધારીયા. ૨
ગ્રંથ રાજ રામજી બિરાજીયા,
રત્ન મણી તણા અળકાર. ગુરૂજી. ૩
રામ મંડપ સાજ મંગાવીયા,
વસ્તુ વિવિધ સરવે સાર. ગુરૂજી. ૪
દેશ દેશના સંત બોલાવીયા,
આવ્યા અગણીત રંમહવાર ગુરૂજી. ૫
અતી ચંદન કેસર છાંટીયાં,
જળ ગુલાબ અત્તર અપાર. ગુરૂજી. ૬
પુષ્પ હાર ત્રિવિધ ચડાવીયા,
જાઇ જુઇ મોગરો ગુલાબ. ગુરૂજી. ૭
વળી કેવરા ચંપાઓ લાવીયા,
ભરી માળોયો લાગ્યા છાબ. ગુરૂજી. ૮
ધુપ દીપ નૈવેદ્ય સમરપીયાં,
કરી આરતી ગ્રંથ મહારાજ. ગુરૂજી. ૯
ભેળા ભકત મળી સંત સાથને,
કરો આરતી આણંદ આજ. ગુરૂજી. ૧૦

ધરી ધ્યાન મહારાજ ઉભા રહ્યા,
વાગે તાળ મ્રદંગ રસાળ. ગુરૂજી. ૧૧
સંત સાજ મળી જન એકઠી,
મુખે રામ રામ જપે માળ. ગુરૂજી. ૧૨
આજ આણંદ ઓછવ અતી થયો,
જન માનુની મંગળ ગાય. ગુરૂજી. ૧૩
રામદ્વારે ગંગા કાશી વાસ છે.
છે કૈલાસ પુરીનો ધામ ગુરૂજી. ૧૪
રૂડું રાજનગર દીપાવીયું
સદા થઇ ગઇ લીલાલેહેર. ગુરૂજી. ૧૫
જોગી સંત સાધુ જન બહુ ગમે,
નમે ચરણમાં રામને પેર. ગુરૂજી. ૧૬
ઉગ્યો આણંદ કંદ અતિ ઘણો.
પ્રેમ પારસરામ પ્રતાપ. ગુરૂજી. ૧૭
ભકત ભાવથી ભોજન થાય છે,
ટળી જાયે સરવ સંતાપ ગુરૂજી. ૧૮
ઓગણીસે અટતાળીશ સાલમાં,
દીસે વૈશાખ માસ રસાળ. ગુરૂજી ૧૯
ગ્રંથ મહારાજ આજ પધરાવીયા.
પૂર્ણ એકાદશી શનીવાર. ગુરૂજી. ૨૦
પરક્રમા કરી પ્રભુ લાવીયા,
પધરાવીયા હીમ આસન. ગુરૂજી. ૨૧

તરીયા તોરણ દ્વારે બંધાવીયાં,
રોપાવીયા કેળના થંભ. ગુરૂજી ૨૨
મીનાકારી મંડપ રળીયામણો,
હાંડી ઝુમર તકતા અથાગ. ગુરૂજી. ૨૩
કોઇ નાચે કુદે ને તાળી પાડે,
ગાયે રંગ ભેર સહુ રાગ ગુરૂજી. ૨૪
ગુરૂજીને તે શિશ નમાવીયાં,
ગ્રંથ મહારાજ કરી પ્રણામ. ગુરૂજી. ૨૫
રામચંદ્ર ગુરૂના પ્રતાપથી,
ગાયે બાલાજી દાસનો દાસ. ગુરૂજી. ૨૬

(આવી છે બાગુને માંડવેરે, જાદવ કુળનીરે જાન. એ રાગ.)
શ્રી રઘુનાથને આગણેરે, તરીયા તોરણ બંધાય;
પુરણ બ્રહ્મ પધારીયારે, આણંદ ઓચ્છવ થાય. ૧
આરામા આપ બિરાજીયારે, ગ્રંથરાજ મહારાજ;
સંત ગુરૂને તેડાવીયારે, પારસમાઓજીરાજ. ૨
સંત સાજન નરનારીયોરે, ગુણ રામના ગાય;
શોભાતે તેની શી કહુંરે; વરણવી નવ જાય. ૩
રંગ મચ્યો રામદ્વારામારે, જાણે ગ્રાંનવી ન્હાય;
કાશી કેદાર ને દ્વારીકારે, આરામા જાણ્ય. ૪
ધુન્ય મચી બહુ રામનીરે, તાળી દે નરનાર;

તાલ મ્રદંગ ને ડુમડુમીરે, થઇ રહયો જેજેકાર. ૫
અબીલ ગુલાલ ને અરગચારે, કેસર ચંદન ચોળાય;
બોક બરાસ ને મોગરોરે, અત્તર ગુલાબ છંટાય. ૬
દીપક જોત પ્રજાળીયોરે અગરધુપ ધુમાય;
કરપુર દીપની આરતીરે, પારસરામથી થાય. ૭
પુષ્પ અનોપમ અરપીયાંરે, હાર ગજરાની માળ;
જેજેકાર તણી ધુન્યમરોં, મંડપ દીપે રસાળ. ૮
સંત સાધુજન સહુ નમેરે, ધરી રામનું ધ્યાન;
પારસરામ પ્રતાપથીરે, દે છે ઘણાં માન. ૯
શ્રીફળ નૈવેદ્ય શર્કરારે, આપે શેવક હાથ;
ચરણ ઉદક કર લેઇનેરે, પાન કરે સહુ સાથ. ૧૦
સાષ્ટાંગે નમી સંતજીરે, વદે અમૃત વાણ;
રાજનગરમાં પધારીયારે, થઇ ગઇ દેશોમ્મે જાણ. ૧૧
જ્ઞાન ઉદે થયો દેહમાંરે, ગુરૂ વાણી પ્રતાપ;
પુરવનાં દુક્રીતનેરે, ટાળી નાખ્યા સંતાપ. ૧૨
મુક્તી પદારથ આપીયારે, દેઇ તારક નામ;
માળ ગ્રહી કર જાપીયારે, રામ રામ કહી રામ. ૧૩
હરીહર બોલે સહુ મુખથીરે, શેવક સહુ સાથ;
હરી ઇચ્છાની મેહેરથીરે, શીર દો મુજ હાથ. ૧૪
જીણીવીણી ક્હાડી વાણીયોરે, ક્રતારથ કીધ;
દયા તે દીલમાં આણીનેરે, આપ થયા પ્રસીદ્ધ. ૧૫
કામ ક્રોધને ટાળીયારે, અતી વેરાગ આપ;

વેદ પુરાણ જાણાતીયાંરે, ટાળ્યા સહુના સંતાપ. ૧૬
અંબાનો શેવક આશરેરે, ગાયે ગુણ અપાર;
આણંદ મંગળમાં રહેરે, જીવી આ સંસાર. ૧૭
શેવક શરણે આવીયોરે, આપ દો દરસન;
રાંક થઇ બાલો વદેરે, થાઓ મુજ પ્રસંન. ૧૮

(પ્રથમશ્રીગુરૂપદપ્રણમુ પ્રીતે, શ્રીકૃશ્નરૂપ રૂદે ધરીરે.) એ રાગ.

શ્રી ગુરૂ ગ્રંથ મહારાજને નમવું, શ્રી ગણપતીને રૂદે ધરીરે;
મમ રસનાએ રહો બ્રહ્મ તનયા; વાણી અમ્રતમાં રહો ઠરીરે. ૧
પ્રેમ ધરી પદ વરણવું પ્રીતે, ચિત એકાગ્ર કરી કહું રે;
શ્રીરામચંદ્ર સીતા માતાજી, ધ્યાન ધરો આવી સહુરે. ૨
રામદ્વારામાં રામ સમરીયે, ગ્રંથ મહારાજને નીરખીરે;
રાખીયે જ્ઞાન વૈરાગમાં ચિતડું, સર્વ મળીને હર્ષથીરે. ૩
નીરમળ કાયા રાખી રૂદ્યામાં, માળા જપો રઘુનાથનીરે;
મોક્ષ પદારથ પામવા કાયા, ધરી છે વીનાઃ દામનીરે. ૪
શ્રી ગુરૂ સંત મહારાજ પ્રતાપે, આણંદ ઓચ્છવ થાયછેરે;
મંગળ મંડળીક કરવા આપે, જ્ઞાની વૈરાગીયો આયછે રે. ૫
સંત સત [illegible] ...આ તેની શી ક...

આજ પધાર્યા ગુરૂ સંતરાયે, ચરણ જઇ ધોવા કરોરે;
સાષ્ટાંગે શીશ નામીયે પાગે, આશીકાલ ઉરમાં ધરોરે. ૮
પારસરામ પુરણ મણી રૂપે, રાજનગરમાં પધારીયારે;
સેવક જનનાં કાર્ય કરમની, વાણી વદીને સધારીયારે. ૯
કથાને કીરતન જ્ઞાન ઉદેશો, દઇને દુરમતી ભાગીયોરે;
શાંત સ્વભાવ સુણીને બાલાજીયે, આશીશ પ્રભુની માગીયોરે.

વસંતતીલકા.

હે વિશ્વનાથ જગદેવ કૃપાવતારં,
હે રામચંદ્ર કરૂણાર્ણવ જુગધારં;
હે દીનબંધુ દસરથે સુત સપ્ત સિંધુ,
બાલો વદે કર ક્ષમા હરનીશ વંદુ.

જાહેર ખબર.

———:૦:———

નીચે લખેલાં પુસ્તકો અમારી પાસેથી મળશે:—

રૂદ્રૈક[illegible]ય, કર્મ .... ૧—૮—૦

નમક ચમકની વૈદોક્ત રૂદ્રિ પુજન સાથે૦—૪—૦

પુરાણોક્ત રૂદ્રી નમક ચમકની પુજન સાથે૦—૨—૦

શ્રી રામ ભજનાવળી

દવે બાલાભાઈ ભગવાનજી.

ઠે. ગુસાપારેખની પોળમાં,

અમદાવાદ.